અપીલ અરજી નં.૪૦૮ તા.૨૧–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૧–૧–૧૧ની અરજીથી મુદૃા નં.૧ નોંધ નં.૭/૧૭૪૫ સંત રોહીદાસ હરીજન કો.ઓ. સોસાયટી માં સને ૨૦૦૬ માં સદર મિલ્કત મુસ્લીમ પરિવારે ખરીદેલ હોય જેમાં વેરામાં પોતાનું નામ દાખલ કરવા અંગે ની માહિતીના સંપુર્ણ ડોકયુમેન્ટની નકલ .વિ. મુદૃા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૧–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૮/૨૦૧૦–૧૧.

શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૧–૧–૧૧ની અરજીથી મુદૃા નં.૧ નોંધ નં.૧૭૪૫ સંત રોહીદાસ હરીજન કો.ઓ. સોસાયટી માં સને ૨૦૦૬ માં સદર મિલ્કત મુસ્લીમ પરિવારે ખરીદેલ હોય જેમાં વેરામાં પોતાનું નામ દાખલ કરવા અંગે ની માહિતીના સંપુર્ણ ડોકયુમેન્ટની નકલ વિ. મુદૃા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એ.આર.ડી/ ૧૪૮ તા.૧૭–૨–૧૧થી આપેલ માહિતી તદ્દન બોગસ અને છેતરપીડી ભરેલી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે જે આધારે માહિતિ પૂરી પાડેલ હોય તે નકલો પણ કે સંદર્ભ પુરો પાડવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૮૬ તા. ૨૫–૩–૧૧ થી ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં છેતરપીંડી વિગેરે દાવા અંગે કાયદાની કલમ ૨(એફ) અને ૨ (જે) ના અનુસંધાને ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ સામે તેમના દાવાના સમર્થનમાં આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.૧૪૮ તા.૭–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૨ તા.૨૪–૧–૧૧ થી કલેકટરશ્રી અને સીટી સર્વે સુપ્રિ .શ્રી સુરતને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારીને આપેલી માહિતી અંગે પત્ર નં.એઆરડી/૧૪૧ તા.૧૭–૨–૧૧ ના પત્રની નકલ, ટેના નં.૫બી–૧૧–૧૧૫૧–૦–૦૦૧ થી ૧૧૫૩ ની પાર્ટી સ્ટેટસની નકલ, અરજદારને દસ્તાવેજી માહિતી પૂરી પાડયા અંગેના પત્ર નં.એઆરડી/૧૪૮ તા.૫–૩–૧૧ ના પત્રની નકલ, ટેના નં.૫બી–૧૧–૧૧૫૧–૦–૦૦૧ ની નોટીસના નમુના નં.૧૩૦૭૭ ની નકલ, સદર ટેના નંબરની ટ્રાન્સફર અંગેના ફોર્મ નં.૩૩૧૯૦ ની નકલ, વોર્ડ નં.૫ સબ રજીસ્ટ્રારની તા. ૧૭–૧૧–૦૯ ની ઈન્ડેક્ષની નકલ, તા.૧–૮–૦૮ ના રોજ કબ્જા સહિતના વેચાણ કરારની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતો અંગે પાઠવેલ પત્રથી કોઈ પુરાવા કે આધાર રજૂ કેરલ નથી. પરંતુ તમો અધિકારી ફકત આરટીઆઈ સેલના છો તેથી રજૂ કરી શકીએ નહીં સુનાવણી પહેલા રજૂ કરવાનું યોગ્ય જણાતું નથી અને આપવા યોગ્ય જણાતું નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી વોર્ડ નં.૭/૧૭૪૭ સંત રોહિતદાસ હરીજન કો.આ. હા. સો. મિલ્કતના દાખલ બાબતે મુદૃા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી ઝોનલચીફ સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૨ તા.૨૪–૧–૧૧ થી કલેકટરશ્રી અને સીટી સર્વે સુપ્રિ. સુરતને તબદીલ કરવામાં આવેલ. મુદૃા નં.૧ નોંધ નં.૧૭૪૫ સંત રોહીદાસ હરીજન કો.ઓ. સોસાયટી માં સને ૨૦૦૬ માં સદર મિલ્કત મુસ્લીમ પરિવારે ખરીદેલ હોય જેમાં વેરામાં પોતાનું નામ દાખલ કરવા અંગે ની માહિતીના સંપુર્ણ ડોકયુમેન્ટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૫ નોંધ નં.૧૭૪૫ મિલ્કત આકારણી દફતરે નોંધ નીચે મુજબ છે તેવું જણાવી વિગતો આપેલ છે. (૧) ટેના નં.૫બી–૧૧–૧૧૫૧–૦–૦૦૧ પ્રથમ કરપાત્ર વ્યકિત–માવજીભાઈ લુનાભાઈ કબ્જે.– સેલ્ફ (૨) ટેના નં.૫બી–૧૧–૧૧૫૨–૦–૦૦૧ પ્રથમ કરપાત્ર વ્યકિત –મોહંમદ સલીમ હસન શેખ. મોહંમદ ઈરફાન મહમદ સલીમ શેખ કબ્જે સેલ્ફ. (૩) ટેના નં.૫બી–૧૧–૧૧૫૩–૦–૦૦૧ પ્રથમ કરપાત્ર વ્યકિત –મોહંમદ સલીમ હસન શેખ મોહંમદ ઈરફાન મહમદ સલીમ શેખ કબ્જે. સેલ્ફ. સદરહુ મિલ્કતમાં નામફેર કરતી વખતે સ્થળ તપાસ દરમ્યાન મળેલ હકીકત, અરજદારે રજૂ કરેલ ઈન્ડેક્ષની નકલ જોતાં તે મુજબનો સુધારો આકારણી દફતરે કરેલ છે. ત્યાર બાદ નવા મકાન માલિકે સદરહુ મિલ્કતમાં ત્રીજા માળવાળો ભાગ રૂકસાના ઈમ્તીયાઝ વાલખીયાને કબ્જા સહિતનો વેચાણ કરારથી તબદીલ કરેલ છે જેમાં તે મુજબનો સુધારો આકારણી દફતરે કરવામાં આવે છે અને આ અંગેના દસ્તાવેજમાં આપને કુલ પાના નં.૧૪ આપવાના થાય છે જે રૂ.૨૮/– ભર્યેથી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૨૧૧૯૨૪

તા.૨૪–૨–૧૧ થી ભરપાઈ કરતાં અરજદારને પત્ર નં.એઆરડી/૧૪૮ તા.૫–૩–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુસ્લીમ પરિવાર ના નામે ઈન્ડેક્ષની નકલ તથા તેઓશ્રી તરફથી વેચાણ કરેલ ત્રીજા માળ અંગેના કબ્જા સહિતના વેચાણ કરારની નકલ રજૂ કરેલ છે. મુદ્દા નં.૨ સદર મિલ્કતમાં મુસ્લીમ નામ દાખલ કરવા અંગેની સુરત જિલ્લા કલેકટર કચેરીમાંથી દલિત સોસા.ના નિતી નિયમ અંગેની માહિતી મેળવી હોય તો તે અંગેની માહિતીની નકલ અને ન મેળવી હોય તો માહિતીની સહિતની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મુદ્દા માટેની માહિતી બાબતે અરજી તા.૨૪–૧–૧૧ ના રોજ (૧) કલેકટરશ્રી (૨) સીટી સર્વે સુપ્રિ.શ્રી સુરતને તબદીલ કરેલ છે. તેવું જણાવેલ છે. વધુમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૨ તા.૨૪–૧–૧૧ થી સદર અરજી અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) સંત રોહિદાસ હરિજન કો.ઓ. સોસા.ના પ્રમુખ અને હોદ્દેદારોની સંમતિ અંગેના પત્રની માહિતીની નકલ. મુદ્દા નં.(૪) સંત રોહિદાસ હીરજન કો.ઓ. સોસા.ના પ્રમુખ અને હોદ્દેદારોની સંમતિ વગર નામ દાખલ કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૩ અને ૪ બાબતને લગતી માહિતી આકારણી દફતરે ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે પ્રતિભાવ મળ્યો નથી તથા નિર્દિષ્ટ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે પૂરી પાડવામાં આવેલી માહિતી તદ્દન બોગસ દગો અને છેતરપીંડી ભરેલ હોવાનું જણાવી તેમજ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપવા અંગે સુનાવણીની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને અત્રેથી અપીલ તબકકે વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ પરંતુ અરજદારે તે અંગે આધાર પુરાવાઓ રજૂ કરવાની જગ્યાએ અત્રેથી પાઠવેલ પત્રમાં અરજદારે તમો અધિકારી ફકત આરટીઆઈ સેલના છો તેથી રજૂ કરી શકીએ નહીં સુનાવણી પહેલા રજૂ કરવાનું યોગ્ય જણાતું નથી તેવું પત્રની નકલમાં જ જણાવેલ છે. પરંતુ આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૧ ની માહિતી પૂરી પાડેલ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જયારે મુદ્દા નં.૨ અંગે અન્ય સત્તા મંડળને સ્પર્શતો હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) મુજબ નિયત સમય અવધિમાં લાગત સત્તા મંડળને તબદીલ કરવામાં આવેલ છે. જયારે અરજદારના મુદ્દા નં.૩ અને ૪ સંત રોહિદાસ હરિજન કો.ઓ.હા.સો. ના સંમતિ વગર નામ દાખલ કરવા અંગેની માહિતી માંગેલ છે જે અંગે આકારણી દફતરે ઉપલબ્ધ નહીં હોવાની વિગતો સમય અવધિમાં પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો લાગત દફતરનું ઈન્સ્પેકશન મેળવી ખરાઈ કરી શકે છે. જયારે મુદ્દા નં.૨ અંગે તબદીલ થયેલ સત્તા મંડળના અપીલ અધિકારીને નારાજગીના કિસ્સામાં અરજદારે અપીલ કરવાની રહે. તે સિવાય આપેલ માહિતીની સમય અવધિ અંગે અરજદારની કોઈ તકરાર ન હોઈ તે અંગે નિર્ણય લેવાનો રહેતો નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ તેમજ મુદ્દા નં.૨ અંગે લાગત સત્તા મંડળને નિયત સમય અવધિમાં આરટીઆઈની કલમ–૬(૩) મુજબ તબદીલ કરવામા આવેલ હોઈ તે બંને મુદ્દા અંગે તકરારને કોઈ સ્થાન રહેતું નથી જયારે મુદ્દા નં.૩ અને ૪ અંગે દફતર ઉપલબ્ધ ન હોવા બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સંપર્ક કરી કચેરી કામકાજ દરમ્યાન બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીતે અરજદાર મેળવી શકે છે અને લાગત તુમાર ફાઈલ અંગેની ખરાઈ કરી શકે છે તેમજ જરૂરી ઉતારા કે નકલ ઉપલબ્ધ દફતર પૈકી મેળવી શકે છે. અરજદારની તેવી માંગણી થયે દિન–૭ માં હુકમની અમલવારી માટે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા,